THE UNITED STATES DEPARTMENT of JUSTICE

FOR IMMEDIATE RELEASE
June 2021
www.justice.gov

CRT
202-514-2007
TTY 866-544-5309

## ન્યાય વિભાગ, ટેક્સાસના ફોર્ટ બેન્ડ કાઉન્ટીમાં અદાલતોની ભાષાની ઉપલબ્ધી અને બદલા તપાસની પતાવટ કરે છે

વોશિંગટન - આજે ન્યાય વિભાગે મર્યાદિત અંગ્રેજી કુશળતા (LEP) ધરાવતા લોકોની અદાલત સુધી પહોંચી શકે તે માટે ફોર્ટ બેન્ડ કાઉન્ટી (FBC) સાથે સમાધાન કરારની ઘોષણા કરી.

આ કરાર FBC અદાલતો વિરુદ્ધ આક્ષેપોનો ન્યાય વિભાગની તપાસનો નિશ્ચય કરે છે કે જેમાં તેઓએ કોર્ટમાં જનાર LEP વપરાશકર્તાઓ સાથે તેમના રાષ્ટ્રીય મૂળના આધારે ભેદભાવ કર્યો હતો અને ફરિયાદી સામે બદલો લીધેલ હતો, જે બંને 1964 ના નાગરિક અધિકાર અધિનિયમના શીર્ષક VI નું ઉલ્લંઘન કરે છે. શીર્ષક VI એ FBC જેવા સંઘીય નાણાકીય સહાય મેળવનારાઓ દ્વારા જાતિ, રંગ અથવા રાષ્ટ્રીય મૂળના ભેદભાવને પ્રતિબંધિત કરે છે. વિભાગની તપાસમાં ભાષાને કારણે આવતા અવરોધો સામે આવ્યા જે LEP લોકોને અર્થપૂર્ણ રીતે ન્યાયાલય પ્રણાલી સુધી પહોંચવું મુશ્કેલ બનાવે છે. આ અવરોધોમાં એ જરૂરીયાતોનો સમાવેશ થતો હતો કે LEP ફોજદારી પ્રતિવાદીઓ દલીલ કાર્યવાહીમાં લાયક દુભાષિયાને બદલે દ્વિભાષી વકીલનો ઉપયોગ કરે, અને નીતિઓ કે જેના પરિણામે બાળ કસ્ટડી કેસોમાં LEP માતા-પિતાને કોર્ટનો વધારે ખર્ચ ઉપાડવો પડતો હતો.

નાગરિક અધિકાર વિભાગના સહાયક એટર્ની જનરલ ક્રિસ્ટન ક્લાર્કે જણાવ્યું હતું કે, "જ્યારે અંગ્રેજી ની મર્યાદિત કાબેલિયતવાળા લોકો ભાષાને કારણે આવતા અવરોધને કારણે આપની ન્યાયિક પ્રણાલી સુધી અર્થપૂર્ણ રીતે નથી પહોંચી શકતા ત્યારે તેમણે તેમના બાળકો, ઘરો અને મૂળભૂત અધિકારોનું નુકસાન થઇ શકે છે." “નાગરિક અધિકાર વિભાગ એ સુનિશ્ચિત કરવા માટે લડત ચાલુ રાખશે કે કોર્ટ અવરોધોને દૂર કરે જેને કારણે લોકો સમાન ન્યાય મેળવવાથી વંચિત રહી જાય છે. નાગરિક અધિકાર અધિનિયમના શીર્ષક VI ના પાલનમાં કોર્ટના વપરાશકર્તાઓ માટે ભાષાની પહુંચ સુનિશ્ચિત કરવા જરૂરી પગલાં લેવા બદલ હું ફોર્ટ બેન્ડ કાઉન્ટીની પ્રશંસા કરું છું."

ટેક્સાસના સધર્ન ડિસ્ટ્રિક્ટના કાર્યકારી યુ.એસ. એટર્ની માર્ક ડોનેલીએ જણાવ્યું હતું કે, "ફોર્ટ બેન્ડ એ આપણા ડિસ્ટ્રિક્ટની સૌથી વૈવિધ્યસભર કાઉન્ટીઓમાંની એક છે." "આ કરારને કારણેરાષ્ટ્રીય મૂળ અથવા મર્યાદિત અંગ્રેજી કુશળતાને લગતા અવરોધો છતાં દરેક વ્યક્તિ આપણી અદાલતો સુધી પહોંચી શકશે."

કરાર હેઠળ, FBC અદાલતમાં નાગરિક અને ગુનાહિત કેસોમાં LEP વ્યક્તિઓને વિના મૂલ્યે દુભાષિયા સેવાઓ પ્રદાન કરશે. FBC અદાલતો આગામી વર્ષ દરમિયાન તેની ભાષાની ઉપલબ્ધી યોજનાઓની સમીક્ષા પણ કરશે, FBC અદાલતો માટે શીર્ષક VI ની ફરજિયાત તાલીમ વિકસાવશે, શીર્ષક VI પ્રતિશોધ પ્રશિક્ષણ આપશે અને શીર્ષક VI ની બિન-ભેદભાવ નીતિ અને બિન-અંગ્રેજી ભાષાઓમાં ફરિયાદ પ્રક્રિયાને સમજાવતી જાહેર નોટિસો

આપશે. વિભાગ આ અને અન્ય આવશ્યકતાઓ પર બે વર્ષ નજર રાખશે. FBC એ અદાલતમાં જનાર LEP વપરાશકર્તાને અને પ્રતિશોધનો આરોપ લગાડનાર વ્યક્તિને કોર્ટનો ખર્ચ આપવાનો પણ સ્વીકાર્યું.

શીર્ષક VI નો અમલ નાગરિક અધિકાર વિભાગ માટે ટોચની અગ્રતા છે. નાગરિક અધિકાર વિભાગ વિશેની વધારાની માહિતી તેની વેબસાઇટ www.justice.gov/crt પર ઉપલબ્ધ છે, અને મર્યાદિત અંગ્રેજી કુશળતા અને શીર્ષક VI વિશેની માહિતી www.lep.gov પર ઉપલબ્ધ છે. જનતાના સભ્યો શક્ય નાગરિક અધિકારના ઉલ્લંઘનોની જાણ અહીં કરી શકે છે https://civilrights.justice.gov/report/.